1. નિયામક ધારામાં કઈ જોગવાઈ કરવામાં આવી હતી ?

➢ નિયામક ધારાની જોગવાઈ મુજબ બંગાળના ગવર્નરને 'ગવર્નર જનરલ' નું પદ માપવામાં આવ્યું, ગવર્નર અને કોલકાતામાં સવોચ્ચ અદાલતની સ્થાપના કરવામાં આવી.

2. અંગ્રેજ સૈનિકોની સરખામણીએ ભારતીય સૈનિકોને કયા કયા અન્યાયો થતા હતા ?

➢ અંગ્રેજ સૈનિકોની સરખામણીમાં ભારતીય સૈનિકોનું જીવન કષ્ટદાયક હતું. અંગ્રેજ સૈનિકોની તુલનામાં ભારતીય સૈનિકોના પગાર અને ભથ્થો પ્રમાણમાં ઘણાં ઓછાં હતાં. વફાદારીપૂર્વકની સેવા બદલ ભારતીય સૈનિક વધુમાં વધુ સુબેદારની કક્ષા સુધી પહોંચી શકતો હતો, જ્યારે અંગ્રેજ સૈનિક લશ્કર ના ઉચ્ચ હોદા સુધી બઢતી મેળવી શકતો હતો.

3. કયા કાયદા હેઠળ ગર્વનર જનરલ ભારતના શાસક બન્યા?

➢ ઈ.સ. 1833 "નવા ચાર્ટર એકટ" હેઠળ કંપનીએ સંપૂર્ણપણે બ્રિટીશ સંસદના નિયંત્રમાં મૂકી દેવામાં આવ્યાં, જેને પરિણામે ગર્વનર જનરલ એ ભારતના શાસક બન્યા.

4. ભારતમાં સૌ પ્રથમ કાયમી જમાબંધી ક્યારે લાગુ પાડવામાં આવી ?

➢ ભારતમાં સૌ પ્રથમ ઈ.સ. 1793 માં બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં કાયમી જમાબંધી લાગુ પાડવામાં આવી.

5. બ્રિટીશરોની કાયદા અને ન્યાયતંત્ર પર કયા મહાનુભાવોએ અવિશ્વાસ વ્યક્ત કર્યો?

➢ બ્રિટીશરોના કાયદાઓને ન્યાયતંત્રની વ્યવસ્થા સામે દાદાભાઈ નવરોજી , મહાત્મા ગાંધીજી જેવા મહાનુભાવોએ અવિશ્વાસ વ્યક્ત કર્યા .